ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
## GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એસ.સી.ટી.સેલ/ફ્રીશીપ કાર્ડ/4781/2021 તા.30/07/2021

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...

૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...

૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...

૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય : અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિમાં ફ્રીશીપકાર્ડ બાબત.
સંદર્ભ: નં.નાનિ/અજાક/શિક્ષણ/૨૧-૨૨/૬૮૯૮,નાયબ નિયામક, અનુ. જાતિ કલ્યાણ,
તા.૨૦/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભે આ સાથે સંલગ્ન બિડાણ સ્વયં સ્પષ્ટ છે, જે અનુસાર ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર,

કુલસચિવ વતી

બીડાણ - ઉપર મુજબ

અગત્યનું

નં.નાનિ/અજાક/શિક્ષણ/૨૧-૨૨/૬૮૯૮
નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણ,
૧૦મો માળ, બહુમાળી મકાન,
અપના બજાર, લાલદરવાજા, અમદાવાદ.
ફોન: ૦૭૯-૨૫૫૦૧૧૨૩
ઈ-મેઈલ:-dbcwo-ahd@gujarat.gov.in
તા: ૨૦/૦૭/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી / ડીનશ્રી / રજીસ્ટારશ્રી
અમદાવાદ [illegible]
કોલેજો,
......................................................

વિષય: અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિમાં ફ્રીશીપકાર્ડ બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:સશક/૧૦૧૩/૫૪૯/ઘથી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના અન્વયે તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાતરી કરી ફ્રીશીપકાર્ડ આપવાનુ ઠરાવવામાં આવેલ છે. સદરહું ઠરાવની શરતો મુજબ શિક્ષણ વિભાગ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ (હાલ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ) નિયમોનુસાર ભારત સરકારશ્રીની પોષ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ફ્રીશીપકાર્ડ આપવામાં આવે છે.

હાલ ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની રીવાઈઝડ ગાઈડલાઈન કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા:૩૦/૦૩/૨૦૨૧ના પત્રથી પ્રસિધ્ધ થયેલ હોય ફ્રીશીપકાર્ડમાં સુધારા કરવાની જરૂરીયાત ઉભી થયેલ હતી. સુધારા સહિતનું ફ્રીશીપકાર્ડ સામાજિક ન્યાય અને અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા:૨૧/૦૬/૨૦૨૧ના ઠરાવક્રમાંક: અજાક/૧૦/૨૦૨૦/૨૬૦૩૬૭/ગથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે વર્ષ:૨૦૨૧-૨૨થી સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, અ.જા.ક.ની કચેરીઓ દ્વારા નિયમોનુસાર આપવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવાનો રહેશે.

રીવાઈઝડ ગાઈડલાઈન મુજબ કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે વર્ષ:૨૦૨૧-૨૨થી શિષ્યવૃત્તિની તમામ રકમ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં જમા કરવાની રહેશે જેથી હવે વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત સંબધિત કોલેજ/સંસ્થાએ ફ્રીશીપકાર્ડના આધારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધા વિના જે તે અભ્યાસક્રમમાં એડમીશન આપવાનું રહેશે અને જ્યારે સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ખાતા શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થી કોલેજમાં નિયમોનુસાર ભરવા પાત્ર ફી ૭ કામકાજના દિવસમાં પોતાની કોલેજ/સંસ્થાને ફરજીયાત ચુકવશે જેની જાણ થવા વિનંતી છે. તો આ બાબતે આપના તાબા હેઠળની તમામ સંસ્થાઓને જાણ કરવા વિનંતી છે.

વધુમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ અગાઉ વિદ્યાર્થીઓને જે ફ્રીશીપકાર્ડ આપવામાં આવેલ હતા તે ફ્રીશીપકાર્ડ વિદ્યાર્થીઓનો હાલનો અભ્યાસક્રમ પૂર્ણ ના થાય ત્યા સુધી માન્ય ગણાશે અને ભારત સરકારશ્રી દ્વારા જણાવ્યા મુજબ આવા રીન્યુ વિદ્યાર્થીઓની વર્ષ:૨૦૨૧-૨૨થી શિક્ષણ ફી સહિતની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે જેની જાણ થવા વિનંતી છે.

(સહી)
નાયબ નિયામક
અનુ.જાતિ કલ્યાણ, અમદાવાદ.

બિડાણ- ઉપર મુજબ
Shot on OnePlus
નકલ સવિનય રવાના:-
Powered by Quad Camera
(૧) માન. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.